ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

૬

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૧/૧૮-૧૯/ 4906 તારીખ : 24 OCT 2018

કેસ ન. ૭૧/૧૮-૧૯.

પ્રતિ,
શ્રી નંદકિશોર ટી. દવે,
ભૂતપૂર્વ એમ.એલ.એ.,
ખાંડીપોળ, વઢવાણ,
જી. સુરેન્દ્રનગર. – ૩૬૩ ૦૩૦.
**મો : ૯૮૨૫૨ ૨૪૨૧૧.**

**વિષય** : વીજબીલમાં ટેરીફ ફેરફાર બાબત.
**સંદર્ભ** : આપનો પત્ર તા. ૨૫.૦૬.૧૮, અત્રેની કચેરીને મળ્યા તા. ૦૩.૦૭.૧૮.
૨) બીઝેડ/ફોરમ/૭૧/૧૮-૧૯/૩૧૪૩ તા. ૧૨.૦૭.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. **૧૬.૧૦.૧૮.** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ
શ્રી કાર્યપાલક ઈજનેર,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર..**

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર-૨.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૭૧/૧૮-૧૯ ☜

વાદી :– શ્રી નંદકિશોર ટી. દવે.

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– ૧૬/૧૦/૨૦૧૮ ◈

હાજર રહયા :– પોતે.

પ્રતિવાદી :– શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

શ્રી નંદકિશોર ટી. દવે, મુ.વઢવાણ, ની તેમના વીજ કનેક્શન વપરાશના વીજ બિલમાં ભૂલ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૧/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ ફોરમ/ ૭૧/૧૮-૧૯ /૩૧૪૩ તા.૧૨.૦૭.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૧૮.૦૯.૧૮ તેમજ તા. ૧૬.૧૦.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર. ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી નંદકિશોર ટી દવે ગ્રાહક નંબર-૭૨૬૦૭/૦૬૩૬૩/૯ ના એનઆરજીપી વીજ કનેકશન માં ટેરીફ ફેરફાર ની બાબત ની ફરીયાદ કરવામાં આવેલ છે, જેમાં તેમને રુ ૬,૨૫૧.૨૦ નું વીજ બીલ ટેરીફ વિરુધ્નું છે, તેવી ફરીયાદ કરવામાં આવેલ છે.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**

૨.૧ સદર ગ્રાહકને સુરેન્દ્રનગર શહેર વિભાગીય કચેરી-૨ દ્વારા અનુસંધાન નં-૩ થી જવાબ આપવામાં આવેલ છે,જે આં સાથે સામેલ છે.

૨.૨ વધુમાં સદર ગ્રાહક ને જીઇઆરસીના ટેરીફ ઓર્ડર પ્રમાણે વીજ બીલ આપવામાં આવેલ છે,જે ટેરીફ આર્ડર ની નકલ આ સાથે સામેલ છે. આમ, વાદીને કંપનીના નીયમ અનુસારનું બિલ આપવામાં આવેલ છે.



Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૩ સદર ગ્રાહક દ્વારા સદર ફરીયાદ નાં નાણાં તા ૨૭.૦૭.૨૦૧૮ ના રોજ રુ ૬,૨૫૫.૦૦ થી ભરપાઇ કરવામાં આવેલ છે,જે આપની જાણ સારું.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર નંદકિશોરભાઈ ટી. દવે સુરેન્દ્રનગરમાં એન.આર.જી.પી. ટેરીફ હેઠળ સિંગલ ફેઝ વીજ જોડાણ ગ્રા.નં. ૭૨૬૦૧/૦૬૩૬૩/૯ થી ધરાવે છે.

૩.૨ વાદીની ફોરમને રજૂઆત છે કે તેઓને ટેરીફ ના નિયમ વિરુદ્ધ એન.આર.જી.પી.નું બિલ આપવામાં આવે છે જે પ્રતિવાદી આપી શકે નહિ.

3.3 ભારતીય વીજ ધારા ૨૦૦૩ હેઠળ ગુજરાત વીજ નીયમન આયોગને ટેરીફ નક્કી કરવાની સત્તા છે. અને તે સત્તા હેઠળ નિયત પ્રકિયામાંથી પાસ થઇ જી.ઈ.આર.સી. દ્વારા દર વર્ષે સામાન્ય રીતે એપ્રિલ માસ થી ટેરીફ નક્કી કરવામાં આવે છે.

૩.૪ વર્ષ ૨૦૧૮ માટે ૧લી એપ્રિલ ૨૦૧૮ થી લાગુ પડતો ટેરીફ શેડ્યુલ જી.ઈ.આર.સી દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

૩.૫ ૨૦૧૮ના ટેરીફ શેડ્યુલ હેઠળ ક્લોઝ નં.૪, માં

RATE NON RGP : ટેરીફ નક્કી કરવામાં આવેલ જેમાં જણાવેલ છે કે " This tariff is applicable to the services for the premises, those are not covered in any other tariff categories and having aggregate load up to and including 40 KW.

૩.૬ ૨૦૧૮ના ટેરીફ શેડ્યુલ હેઠળ જી.ઈ.આર.સીદ્વારા રેટ આર.જી.પી. કે જે ઘર વપરાશના વીજ જોડાણને જેનો લોડ ૬ કી.વો. હોય તેને લાગુ પડે છે નોન આર.જી.પી. એટલે કે એન.આર.જી.પી. કેટેગરી ઘર વપરાશ, ૪૦ કી.વો. થી વધુ લોડના સિવાય ના તેમજ ખેતીવાડી વીજ જોડાણ સિવાયના ગ્રાહકોને લાગુ પડે છે.

૩.૭ વાદી અરજદારનું વીજ જોડાણ વીજ જોડાણ ઘર વપરાશ સિવાયનું ૦.૫ કી.વો.નું હોય એન.આર.જી.પી. કેટેગરીમાં છે અને તે મુજબ પ્રતિવાદી દ્વારા તેનું વીજ બિલ નિયમિત રીતે બનાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો ના આધારે હુકમ કરવામાં આવે કે " **વાદીને એન.આંર.જી.પી.ની સમજણ આપવામાં આવેલ છે અને તે મુજબ તેનું બિલિંગ થાય છે જે યોગ્ય છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
(પી. એચ. માવાણી)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :–૧૬.૧૦.૧૮.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.